mygandhinagar.in તેના તમામ વાચક મિત્રો અને વપરાશકર્તાઓનો આભાર માને છે, તમે અમને ભરપૂર પ્રેમ અને સહકાર આપ્યો છે, આશા છે કે આપને અમારું પેજ તમને ગમ્યું હશે અને તમે બીજા વાચકોને આ પેજ અંગે જાણ કરી હશે... mygandhinagar.in ગાંધીનગર નું એક માત્ર પ્લેટફોર્મ છે જયાં તમે ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોની માહિતી તમારી આંગળીના ટેરવે પ્રાપ્ત શકો છો... અમે આજે આપને જણાવતાં આનંદ અનુભવી રહ્યા છીએ કે આપ હવે mygandhinagar.in મોબાઈલ એપ્લીકેશન સ્વરૂપે પણ google play store અથવા apple store પરથી ડાઉનલોડ કરી શકો છો... આ માટે આપને માત્ર આ લિન્ક પર ક્લિક કરવાની રહેશે : https://www.mygandhinagar.in/download-mobile-app/

આ સાથે અમે આપની માટે એક નવું આકર્ષણ લઈને આવ્યા છીએ, જો તમે mygandhinagar.in પર વાંચન કરવા ઉપરાંત જો આપને લખવાનો પણ શોખ હોય તો આપ પણ અમારી સાથે જોડાઈ શકો છો, અમે આપને એક લોકપ્રિય બનેલાં પ્લેટફોર્મ mygandhinagar.in પર લખવાનું આમંત્રણ આપી રહ્યા છીએ... આપ નવલકથા, જીવનચરિત્ર, હાસ્ય, લઘુકથા, સામાજિક, વાર્તાઓ, આધ્યાત્મિક, રસથાળ, આરોગ્ય, કવિતા, ધારાવાહિક, ફિલ્મ - પુસ્તક રીવ્યુ, સાહસકથાઓ, પ્રવાસ અને ધાર્મિક યાત્રા વર્ણન વગેરે પૈકી આપને કોઈ પણ કેટેગરી કે ગમતા વિષય પર સારું લખી શકતા હોવ તો તે આપનું લખાણ આપ અમને મોકલી શકો છો. જો આપનું લખાણ અમારી સંપાદક પેનલને પસંદ આવશે તો તેને અમે આપના નામ સાથે mygandhinagar.in પર પ્રકાશિત કરીશું અને mygandhinagar.in સાથે જોડાયેલા હજારો વાચકો સુધી પહોચાડીશું.

**mygandhinagar.in** પર લખાણ મોકલનાર વપરાશકર્તાને નીચે જણાવેલ નિયમો લાગુ પડશે:

**નિયમો:**

- ✓ mygandhinagar.in પર કોઈપણ વાચક કે વપરાશકર્તા દ્વારા પ્રકાશિત કરવા મોકલવામાં આવેલ સમગ્ર લખાણ, પ્રતિભાવ, વિચાર, રચનાઓ, સમીક્ષાઓ, સંદેશાઓ, પ્રોફાઇલ માહિતી જેવી કે વપરાશકર્તાનું નામ, પરિચય, ફોટોગ્રાફ્સ, સર્જનોમાં ઉપયોગમાં લેવામાં આવતા ફોટોગ્રાફ્સ વગેરે સંપૂર્ણપણે વપરાશકર્તાના મૌલિક હોવા જોઈશે, તે અંગેની સત્યતાની સંપૂર્ણ જવાબદારી વપરાશકર્તાની એટલે કે મોકલનારની રહેશે. વપરાશકર્તા અન્ય કોઈના લખેલા લખાણ, રચના, કૃતિ કે ફોટોગ્રાફ્સ વગેરે મોકલી શકશે નહીં, જો તેમ કરશે તો તેના કોપીરાઇટના ભંગની સંપૂર્ણ જવાબદારી પણ તે મોકલનાર વપરાશકર્તાની પોતાની રહેશે.

- ✓ વપરાશકર્તાએ મોકલેલા લખાણમાં શબ્દોની પસંદગી, વાક્યમાં કે તેના અર્થમાં કોઈપણ વ્યક્તિ કે સમૂહનું અપમાન થાય કે કોઈપણ વ્યક્તિ કે સમૂહ પર વ્યક્તિગત અથવા સામૂહિક શાબ્દિક હુમલો કહેવાય તેવું અથવા ગેરવર્તન કરનારું અથવા દ્વેષપૂર્ણ લખાણ ના હોવું જોઈએ. લખાણમાં કોઈપણ વર્ગ, જાતિ, જ્ઞાતિ, ધર્મ, રૂઢિ, પ્રથા, પ્રણાલી કે જાતીય અભિગમ વિષયક અથવા રંગભેદ, લિંગભેદ, રાષ્ટ્રીયતા, વય, અપંગતા, માંદગી વગેરેના આધારે વ્યક્તિઓ પ્રત્યે હિંસા અથવા

દ્વેષને પ્રોત્સાહન આપવું અથવા તેનું સમર્થન કરતું કે અશ્લીલ કે અશ્લીલતાને પ્રોત્સાહન આપનારું લખાણ ના હોવું જોઈએ.

- ✓ વપરાશકર્તાઓએ મોકલેલ લખાણ ગેરકાનૂની પ્રવૃતિને પ્રોત્સાહન આપનારું કે ગેરકાનૂની પ્રવૃતિની પ્રસંશા કે સમર્થન કરતું ના હોવું જોઈએ તેમજ સામાજિક, ધાર્મિક, રાષ્ટ્રહિત કે અન્ય કોઈ સામૂહિક હિતને નુકસાન પહોચાડે તેવું ના હોવું જોઈએ.

- ✓ mygandhinagar.in પર કોઈપણ ખોટી માહિતી આપવી, ફેક એકાઉન્ટ બનાવવું, ફ્રોડ કે છેતરપિંડી કરવી કે તેવા આશયથી કોઈપણ પ્રવૃતિ કરવી પ્રતિબંધિત છે. mygandhinagar.inના નિયમોનું ઉલ્લંઘન કરનાર વપરાશકર્તા સામે કાયદાકીય કાર્યવાહી પણ થઈ શકે છે અથવા વપરાશકર્તાનું એકાઉન્ટ સસ્પેન્ડ કરવું, બંધ કરવું કે કાયમીરૂપે બ્લોક કરવું જેવા નિર્ણય mygandhinagar.in દ્વારા લઈ શકાશે, જે અંગે mygandhinagar.in નો અધિકાર સંપૂર્ણ અબાધિત રહેશે.

- ✓ mygandhinagar.in પર પ્રકાશિત કરવા માટે વપરાશકર્તાએ મોકલેલ લખાણ, રચના, કૃતિ, માહિતી કે ફોટોગ્રાફ્સ પ્રકાશિત કરવા કે નહીં અથવા ક્યારે કરવા તે અંગે સંપૂર્ણ અધિકાર mygandhinagar.in નો રહેશે. જ્યાં સુધી આ લખાણ, રચના, કૃતિ, માહિતી કે ફોટોગ્રાફ્સ mygandhinagar.in પર પ્રકાશિત ના થાય ત્યાં સુધી તેને મોકલનાર વપરાશકર્તા તે લખાણ, રચના, કૃતિ, માહિતી કે ફોટોગ્રાફ્સ અન્ય કોઈપણ પ્રકાશન કે વેબસાઇટ પર પ્રકાશિત કરી શકશે નહીં, પ્રકાશિત કરવા મોકલી શકશે નહીં. જો લખાણ, રચના, કૃતિ, માહિતી કે ફોટોગ્રાફ્સ ત્રણ માસની અંદર mygandhinagar.in પર પ્રકાશિત ના થાય તો તે પછી જ તેને મોકલનાર વપરાશકર્તા તેને અન્યત્ર પ્રકાશિત કરી શકશે અથવા પ્રકાશિત કરવા મોકલી શકશે.

કોપીરાઇટ **નીતિ** :

દરેક લેખક કે જેણે તેની લેખિત રચના mygandhinagar.in પર પ્રકાશિત થશે તે રચનાના કોપીરાઇટ ઓનર તે રચના મોકલનાર બની જશે. કોપીરાઈટ ઓનર પાસે તે રચનાના એક્સક્લુઝીવ અધિકારો રહેશે અને અન્ય લોકો પરવાનગી વિના તેનો કોઈપણ રીતે ઉપયોગ કરી શકતા નથી. લેખકો ફક્ત તેમની પોતાની રચનાઓ mygandhinagar.in પર પ્રકાશિત કરી શકે છે. જો તેઓ કોઈ બીજાની રચનાને તેમના નામે પ્રકાશિત કરે છે, તેના કોપીરાઇટની સંપૂર્ણ જવાબદારી રચના મોકલનારની રહેશે અને જે વપરાશકર્તા બીજાનું લખાણ કે રચના મોકલશે તો mygandhinagar.in પાસે તેમનું એકાઉન્ટ સસ્પેન્ડ, બંધ કે ડિલીટ કરવાનો અધિકાર રહેશે. mygandhinagar.in પર પ્રકાશિત કૃતિઓનો કોપીરાઇટ તેને મોકલનાર વપરાશકર્તા પાસે છે. mygandhinagar.in તેમનો કોપીરાઈટ નથી લેતી. તમારી માહિતી અમારી સાથે સુરક્ષિત છે. એકવાર તે લખાણ કે રચના mygandhinagar.in પ્રકાશિત થયા બાદ ફરીથી તેના કોઈપણ કામ માટે તેને મોકલનાર વપરાશકર્તાની પરવાનગી પછી જ mygandhinagar.in તેની વ્યક્તિગત માહિતીનો ઉપયોગ કરશે. અન્ય

કોઈપણ પ્રકારની જિજ્ઞાસા, સમસ્યા અથવા સૂચન માટે આપ અમને info@mygandhinagar.in પર ઇ-મેઇલ મોકલી શકો છો અથવા +91 76008 84438 પર સવારે 11 થી 5 વાગ્યે (સોમ-શુક્ર) પર ફોન કરી શકો છો. અમે આપને મદદરૂપ થવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરીશું. અમારી ટીમ આશરે 24 થી 72 કલાકની વચ્ચે આપના ઇ-મેઇલનો જવાબ આપવા માટે પ્રયાસ કરશે.